Ph. : 0281-2587144
ccdcdepartment@gmail.com

**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**
CCDC Building, Ground Floor, B/h. Central Bank of India
Saurashtra University Campus, Rajkot - 360 005

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.: ----
Date: 02-03-2021

## <u>પ્રેસનોટ</u>

### કેરીયર કાઉન્સેલીંગ એન્ડ સેલ તથા કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (સીસીડીસી)ના સંયુક્ત ઉપક્રમે....

### તા. ૧૦–૦૩–૨૦૨૧ થી સોફટસ્કીલ ડેવલોપમેન્ટના વર્ગોનું નિઃશુલ્ક ઓનલાઈન કોચીંગ વર્ગોનું આયોજન.....

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) દ્વારા જુદી–જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રી અને સિન્ડીકેટ સભ્યો દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને કારર્કિદી લક્ષી માર્ગદર્શન તથા સરકારી તેમજ બિન સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ મલ્ટી નેશનલ કંપનીઓમાં વિદ્યાર્થીઓ રોજગાર પ્રાપ્ત કરી શકે તથા વ્યક્તિગત વિકાસમાં વિશ્વ વિદ્યાલય સક્રીય પ્રયત્નો કરે તે ઉદ્દેશ સાથે સી.સી.ડી.સી.ના માધ્યમથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ સાથે વિદ્યાર્થીઓના કૌશલ્યને વિકસીત કરવા વિવિધ પ્રકારની કાર્યશાળાઓમાં નિષ્ણાંતો મારફતે તાલીમ આપવાનાં પ્રકલ્પો શરૂ કરાયેલ છે. આજનાં સ્પર્ધાત્મક યુગમાં માત્ર સ્નાતક કે અનુસ્નાતક ઉપાધિ મેળવી લેવી પર્યાપ્ત નથી સાથે સ્પર્ધાના યુગમાં Multi Dimensional Skills (વિવિધલક્ષી કુશળતા) તથા બૌદ્ધિક ચાતુર્યનો વ્યવહારિક ઉપયોગનું જ્ઞાન પણ રોજગારી માટે આવશ્યક છે ત્યારે સૌરાષ્ટ્રના યુવા વર્ગને આ માટે સજ્જ કરવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ સી.સી.ડી.સી. ના માધ્યમથી વિવિધ પ્રકારની તાલીમોના આયોજનો કરવાની યોજનાઓ બનાવેલ છે. તેના ભાગરૂપે **તા. ૧૦–૦૩–૨૦૨૧ બુધવારથી "સોફટસ્કીલ ડેવલોપમેન્ટ" વિષયક ૧૫ દિવસીય નિઃશુલ્ક ઓનલાઈન તાલીમવર્ગોનું આયોજન બપોરે ૧ થી ૩ (બે – કલાક) દરમ્યાન કરવામાં આવેલ છે.**

આ વિવિધલક્ષી કાર્યશાળામાં આજના સ્પર્ધાત્મક યુગમાં રોજગારી માટે જરૂરી આયામો જેવા કે, પોઝીટીવ લર્નીંગ એટીટયૂડ, ટાઈમ મેનેજમેન્ટ, કોમ્યુનિકેશન સ્કીલ (સ્પોકન ઈંગ્લીશ), પર્સનાલીટી ડેવલોપમેન્ટ, બોડી લેંગ્વેજ, પ્રીપરેશન ફોર ઈન્ટરવ્યુ, ઈફેકટીવ પ્રેઝન્ટેશન, લીડરશીપ એન્ડ માર્કેટીવ સ્કીલ વગેરેને તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવનાર છે. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આ વિવિધલક્ષી કૌશલ્યના તજજ્ઞ **પ્રો. રાહુલ રાવલીયા (શ્રીમતી એમ.ટી. ધમસાણીયા કોલેજ, રાજકોટ)** દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો **તા. ૦૯–૦૩–૨૦૨૧ સુધીમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકાયેલી લિંકને ક્લીક કરવાથી થઈ શકશે.** રજીસ્ટ્રેશન કરનાર વિદ્યાર્થીઓ જ આ નિઃશુલ્ક ઓનલાઈન તાલીમવર્ગનો લાભ લઈ શકશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટા, છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ, ફોટો આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ અપલોડ કરવાનું રહેશે.

પ્રતિ,

તંત્રીશ્રી ,

ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

આભાર સહ,

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)